# શાળાકીય વર્ષ અંગે પરિવારો માટે માહિતી

આ તમને શાળાકીય વર્ષ માટે તૈયારી કરવા માટે ddsb.ca પર અગત્યની માહિતી, મદદરૂપ સંસાધનો, અને સામાન્ય સૂચનો કયાં મળી આવશે તે માટેની એક સૂચિ છે.


## શાળાકીય વર્ષ અંગે માહિતી અને વારંવાર પૂછાતા પ્રશ્નો

દરેક શાળાકીય વર્ષના પ્રારંભ પૂર્વે અમારું શાળાકીય વર્ષ માહિતી વેબપેજ અપડેટ કરવામાં આવે છે અને તેમાં શાળાનો દિવસ કેવો હોય છે, શાળામાં સ્વાસ્થ્ય અને સલામતી તથા વારંવાર પૂછાતા પ્રશ્નોનો સમાવેશ થતો હોય છે.

## DDSB વેબસાઇટ પર ગૂગલ ટ્રાન્સલેટનો ઉપયોગ કેવી રીતે કરવો

DDSB વેબસાઇટને ગૂગલ ટ્રાન્સલેટ થકી અલગ-અલગ ઘણી ભાષાઓમાં સહેલાઈથી ભાષાંતરિત કરી શકાય છે. તમને દરેક DDSB વેબપેજ પર પેજના સૌથી ઉપરના ભાગે બેનરમાં, બૃહદદર્શક કાચ વાળા આઇકન અથવા શોધ માટેની સુવિધાની બાજુમાં **Select Language (ભાષા પસંદ કરો)** સુવિધા જોવા મળશે.


1. કમ્પ્યુટર અથવા લેપટોપ સાધન પર ddsb.ca જાઓ.
2. વેબપેજના સૌથી ઉપરના ભાગે બેનરમાં **Select Language (ભાષા પસંદ કરો)** બટન ઉપર ક્લિક કરો.
3. સૂચિમાંથી તમે પ્રાથમિકતા આપતા હોવ તે ભાષા પસંદ કરશો.




# તમારા બાળકની શાળા તરફથી સમાચાર મેળવવા માટે સબ્સ્ક્રાઇબ કરો

તમારા બાળકની શાળા તરફથી પરિવારો શાળાના ન્યૂઝલેટર્સ જેવી અદ્યતન માહિતીઓ સીધી જ પ્રાપ્ત કરે તે માટે અનુસરવાના પગલાં આ રહ્યાં:

1. કોઈપણ શાળાના હોમપેજ પર **School News (શાળાના સમાચાર)** વિભાગમાં **More News (વધુ સમાચાર)** પર ક્લિક કરો.




2. **Subscribe (સબ્સ્ક્રાઇબ)** બટન ક્લિક કરો.




3. શાળાની વેબસાઇટ પર તમે જે કોઈ બાબતો સબ્સ્ક્રાઇબ કરવા માંગતા હોવ તે તમામ માટેના ખાના અંકિત કરો. જો તમે ફક્ત શાળાના સમાચાર (ન્યૂઝલેટર્સ) ઇચ્છતા હોવ તો બસ **School News (શાળાના સમાચાર)** પર જ ક્લિક કરો.

એક વખત પૂર્ણ થાય એટલે, જ્યારે નવા સમાચાર મૂકવામાં આવે એટલે સબ્સ્ક્રાઇબ કરનારા તમામ લોકોને શાળાની વેબસાઇટ પરથી ઈ-મેલ મોકલવામાં આવશે. વધુ સહાય માટે, કૃપા કરીને તમારી શાળાના કર્મચારીનો સંપર્ક કરશો.

# શાળાકીય વર્ષના કેલેન્ડર

તમે પ્રાથમિક સામાન્ય, પ્રાથમિક સુધારા કરેલ, માધ્યમિક સામાન્ય, અને માધ્યમિક સુધારા કરેલ કાર્યક્રમો માટે તેમજ નિર્ધારિત વૈધાનિક રજાઓના સારાંશ અને P.A. દિવસો માટે DDSB website પર શાળાકીય વર્ષના કેલેન્ડર જોઈ શકો છો.

## Parent Portal

ડર્હામ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બૉર્ડના તમામ માતા-પિતા અને વાલીઓ માટે Parent Portal ઉપલબ્ધ છે. આ પોર્ટલ થકી તમે તમારા બાળકના હોમરૂમ અસાઇનમેન્ટ, હાજરીનો ઇતિહાસ, અને ગ્રેડ જોઈ શકો છો. તમે આ પોર્ટલ થકી SchoolCash ઑનલાઇન અને SchoolMessenger અકાઉન્ટ્સ પણ ગોઠવી શકો છો. વધુ માહિતી માટે અને વારંવાર પૂછાતા પ્રશ્નો માટે, Parent Portal વેબપેજ ની મુલાકાત લેશો.

# ગેરહાજરીની જાણ કરો

ડર્હામ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બૉર્ડ વિદ્યાર્થીની ગેરહાજરી વિશે જાણ કરવા માટે ઑનલાઇન SchoolMessenger સેવાનો ઉપયોગ કરે છે. તમારા બાળકની ગેરહાજરી વિશે તમે આ રીતે જાણ કરી શકો છો:

- 1-844-350-2646 પર કૉલ કરીને
- ઑનલાઇન અથવા તમારા સ્માર્ટફોન પર SchoolMessenger ઍપ થકી

જો તમે SchoolMessenger અકાઉન્ટ ધરાવતા ન હોવ અને બનાવવા માંગતા હોવ, તો નીચે જણાવેલા પગલાં અનુસરો:

1. SchoolMessenger વેબસાઇટ પર જાઓ.
2. તમારું જે ઈમેલ અડ્રેસ અમારા રેકર્ડ્સમાં છે તેનો જ ઉપયોગ કરો (તમે તમારા Parent Portal અકાઉન્ટ માટે જે ઈમેલ અડ્રેસનો ઉપયોગ કર્યો હતો તે જ.)
3. એક પાસવર્ડ બનાવો.
4. તમારું ઈ-મેલ તપાસો અને તમારા અકાઉન્ટની ખરાઈ કરો.

તમારી લૉગ-ઇન માહિતી તમારા બાળકો સાથે વહેંચશો નહિ અને તમારી માહિતી સુરક્ષિત રાખશો. જો તમે ઍપ થકી એક કરતાં વધુ બાળકની નોંધણી કરાવેલી હોય, તો વિકલ્પો માટેના મેનૂના ઉપયોગથી ક્યા બાળક માટે કામ કરવું છે તે પસંદ કરશો. આ મેનૂ સ્ક્રીનના સૌથી ઉપરના ભાગે (મોબાઇલ ઍપના સૌથી ઉપરના ભાગે) છે. જો તમે ઑનલાઇન અકાઉન્ટ ન ઇચ્છતા હોવ, તો તમે

તમારા બાળકની ગેરહાજરીની જાણ કરવા માટે 1-844-350-2646 પર કૉલ કરવાનું ચાલુ રાખી શકો છો.

## SchoolCash ઑનલાઇન

SchoolCash ઑનલાઇન એ DDSB દ્વારા અભ્યાસેતર પ્રવૃત્તિઓ માટે બધી શાળાઓ દ્વારા એકત્ર કરાયેલા નાણાંનો વહીવટ કરવા માટે ઉપયોગમાં લેવાતી પ્રણાલી છે. તે ઉપયોગમાં સરળ અને તમારા બાળકની શાળાની ફી ચુકવવા માટે સલામત છે. માતા-પિતા/વાલીઓ SchoolCash વપરાશકર્તા નોંધણી વેબપેજ થકી એક અકાઉન્ટની નોંધણી કરાવી શકે છે. એક વખત અકાઉન્ટ બનીને ગોઠવાઇ જાય, એટલે Parent Portal થકી SchoolCash ને ઍક્સેસ કરી શકાય છે. લૉગ-ઇન માટેની સૂચનાઓ, ચુકવણીઓ, ઈ-મેલ સૂચનાઓ, અથવા સુરક્ષા પ્રક્રિયાઓ બાબતે મદદ માટે કૃપા કરીને SchoolCash ઑનલાઇન હેલ્પ ડેસ્ક ની મુલાકાત લો અથવા 1-866-961-1803 પર કૉલ કરશો.

# ડિજિટલ લર્નિંગ અને સાધન અંગેનો ટેકો

ક્રોમબુક્સ (Chromebook) ધરાવતા અને DDSB@Home થકી શીખતા હોય તેવા ગ્રેડ (ધોરણ) 7-12 ના વિદ્યાર્થીઓ અમારા ડિજિટલ લર્નિંગ અને ડિવાઇસ સપોર્ટ વેબપેજ થકી ટેકો ઍક્સેસ કરી શકે છે. આ પેજમાં સમસ્યા નિવારણ, વારંવાર પૂછાતા પ્રશ્નો, ઑનલાઇન સલામતી, અને તમારા ક્રોમબુક સાધનની કાળજી કેવી રીતે રાખવી તે વિશે માહિતી સામેલ છે.

# માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી માટેના સંસાધનો

જો વિદ્યાર્થીઓને ચિંતા, હતાશા, અથવા અન્ય કોઈ માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ પરેશાન કરી રહી હોય તો તેમને તેમની શાળામાં કોઈક પાસે જઇ વાત કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. માર્ગદર્શક સલાહકાર અથવા શિક્ષક મદદ કરી શકે છે. ઉપરાંત, DDSB વેબસાઇટ વિદ્યાર્થીઓ, માતા-પિતા/વાલીઓ, અને કર્મચારીઓ માટે સુખાકારી અને માનસિક સ્વાસ્થ્ય વેબપેજ પર સુખાકારી માટેના સંસાધનો ઉપલબ્ધ કરાવે છે.

અમારી પાસે ટેકો પૂરો પાડવા માટે વ્યવસાયિકોની એક ટીમ પણ ઉપલબ્ધ છે જેમાં સામાજિક કાર્યકરો, મનોચિકિત્સકો અને માનસશાસ્ત્રીય સહાયકોનો સમાવેશ થાય છે, અને સાથે માનસિક સ્વાસ્થ્ય અંગે તથા વ્યસન સામે મદદ કરતાં નર્સ અને સમુદાય-આધારિત માનસિક સ્વાસ્થ્ય કાર્યકરોનો સમાવેશ થાય છે. જો તમે માનસિક સ્વાસ્થ્ય કાર્યકર સાથે વાત કરવા ઇચ્છતા હોવ, તો કૃપા કરીને અમને તમારી સંપર્ક માહિતી પૂરી પાડવા માટે માનસિક સ્વાસ્થ્ય ટેકા માટેનું પત્રક નો ઉપયોગ કરશો, જેના પછી ટીમના એક સભ્ય શક્ય તેટલા વહેલા ધોરણે તમારો સંપર્ક કરશે. **કૃપા કરીને નોંધશો: આ કટોકટી માટેની સેવા નથી. જો કોઈ કટોકટી હોય, તો કૃપા કરીને 911 પર કૉલ કરશો.**

# કિન્ડરગાર્ટન નોંધણી

ડર્હામ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બૉર્ડ (DDSB) કિન્ડરગાર્ટનમાં દાખલ થતા તમામ નવા વિદ્યાર્થી માટે ઑનલાઇન નોંધણી જરૂરી બનાવે છે. અમે તમને અને તમારા બાળકને શાળા શોધવામાં અને કિન્ડરગાર્ટનમાં ગોઠવાવામાં મદદ કરવા માટે અહીં હાજર છીએ.

કિન્ડરગાર્ટનમાં દાખલ થવા માટે તમારું બાળક નિમ્નલિખિત વય સંબંધિત જરૂરિયાતો પૂર્ણ કરતું હોય એ અનિવાર્ય છે:

- જુનિયર કિન્ડરગાર્ટનમાં નોંધણી કરાવવા માટે, તમારા બાળકે ચાલુ વર્ષમાં ડિસેમ્બર 31 ના રોજ 4 વર્ષ પૂરા કરેલા હોવા અનિવાર્ય છે.
- સિનિયર કિન્ડરગાર્ટનમાં નોંધણી કરાવવા માટે, તમારા બાળકે ચાલુ વર્ષમાં ડિસેમ્બર 31 ના રોજ 5 વર્ષ પૂરા કરેલા હોવા અનિવાર્ય છે.

બાળકને કિન્ડરગાર્ટનમાં નોંધાવવા માટે:

1. તમારા વિસ્તારમાં હોમ સ્કૂલ તરીકે નિર્દિષ્ટ થયેલી શાળાઓ શોધવા માટે સ્કૂલ લોકેટર ટૂલ નો ઉપયોગ કરશો.
2. એક પેરન્ટ અકાઉન્ટ બનાવો અથવા તમારા હાલના અકાઉન્ટમાં લૉગ ઇન કરો.
3. એક વખત તમારું પેરન્ટ (માતા-પિતા માટેનું) અકાઉન્ટ તૈયાર કરી દેવામાં આવે તે પછી કૃપા કરીને ખરું શાળાકીય વર્ષ પસંદ કરવાની ખાતરી કરશો.

કિન્ડરગાર્ટન કાર્યક્રમ માટે તમામ વિદ્યાર્થીઓએ પોતાના ‘નિર્દિષ્ટ હોમ સ્કૂલ’ ખાતે નોંધણી કરાવવી અનિવાર્ય છે. જો તમને સ્કૂલ લોકેટર ટૂલનો ઉપયોગ કરીને તમારી નિર્દિષ્ટ હોમ સ્કૂલ શોધવામાં મુશ્કેલી પડતી હોય અથવા તમને શાળા આવરી લે તે વિસ્તારની હદ વિશે પ્રશ્નો હોય, તો Planning.Department@ddsb.ca પર ઈ-મેલ કરીને અથવા 905-666-6421 પર ફોન કરીને અમારા પ્રોપર્ટી ઍન્ડ પ્લાનિંગ વિભાગનો સંપર્ક કરશો.

અમારા ફ્રેન ઇમર્શન (FI) કાર્યક્રમમાં રસ ધરાવતા પરિવારો **તેઓ પહેલા ગ્રેડમાં દાખલ થાય તે પૂર્વેની વસંત** પોતાના બાળક્ને નિકટતમ એકલ ટ્રેક ફ્રેન્ચ ઇમર્શન શાળામાં ટ્રાન્સફર કરી શકે છે.

તમામ ઑનલાઇન નોંધણીઓ એ વિનંતીઓ છે, નહિકે પુષ્ટિ થયેલ નોંધણીઓ.
પરિવારો/કાળજીપ્રદાતાઓ નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરી શકે તે માટે શાળાની મુલાકાત લેવા માટે શાળાના વહીવટકર્તાઓ અપોઇન્ટમેન્ટ્સની ગોઠવણ કરશે અને તેમના બાળક માટે નોંધણીને આખરી સ્વરૂપ આપવા માટે યોગ્ય દસ્તાવેજો લાવવા માટે જણાવશે.

જો તમને શાળાકીય વર્ષ દરમ્યાન કિન્ડરગાર્ટન માટે નોંધણી કરાવવા માટે સહાયની જરૂર હોય, તો કૃપા કરીને તમારી નિર્દિષ્ટ હોમ સ્કૂલ ખાતેની ઑફિસનો સંપર્ક કરશો. શાળાઓ માટેની સંપર્ક માહિતી શાળાની ડિરેક્ટરી માં સૂચિબદ્ધ કરેલી છે. જો તમને જુલાઇ અને ઑગસ્ટ મહિનાઓ દરમ્યાન સહાયની

જરૂર હોય, તો તમે EarlyYears@ddsb.ca પર ઈ-મેલ કરીને અથવા 905-666-5500 એક્સટેન્શન 5440 પર ફોન દ્વારા અર્લી યર્સ ડિપાર્ટમેન્ટનો સંપર્ક કરી શકો છો.

## પરિવહન

ડર્હામ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બૉર્ડ (DDSB) પાત્ર વિદ્યાર્થીઓ માટે ડર્હામ સ્ટુડન્ટ ટ્રાન્સપોર્ટ સર્વિસિઝ (DSTS) સાથે ભાગીદારીમાં પરિવહન પૂરું પાડે છે. વધુ માહિતી માટે અને પરિવહન માટે પાત્રતાની ખાતરી કરવા માટે કૃપા કરીને અહીં મુલાકાત લેશો https://www.dsts.on.ca/.